# ધનસુરા ખાતે પેન્શનર્સ ડે સન્માન સમારોહ અને ડો.ભીમરાવ આંબેડકર જયંતિની ઉજવણી

## ધનસુરા તાલુકા નિવૃત્ત કર્મચારી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કાર્યક્રમ યોજાયો



ધનસુરા ખાતે ગુજરાત રાજ્યના નિવૃત્ત કર્મચારી ફેડરેશન ના પ્રમુખ ના સાનિધ્ય હેઠળ પેન્શનર્સ ડે, સન્માન સમારોહ તેમજ ડો.ભીમરાવ આંબેડકર જયંતિ ની ઉજવણી. કરાઇ હતી. આ પ્રસંગે રાજુભાઈ મહેતા, મોતીભાઈ પટેલ, ધનસુરા ના સરપંચ હેમલત્તાબેન પટેલ, રમણભાઈ પટેલ સાયરા, મોહનભાઈ પટેલ શિણોલ, વિનોદભાઈ પટેલ, મોહનભાઈ પટેલ નિવૃત્ત અધિક્ષક પેન્શનર કચેરી મોડાસા, ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી ના ચેરમેન ભરતભાઈ, તાલુકા રેડક્રોસ સોસાયટી ના મંત્રી, પ્રમુખ તેમજ ધનસુરા કેળવણી મંડળ ના પ્રમુખ કાન્તિભાઈ પટેલ, મંત્રીઓ, જિલ્લા પેન્શનર મંડળ ના પ્રમુખ અમૃતભાઈ પંચાલ, હોદ્દેદારો અને તાલુકાઓના પ્રમુખ, મંત્રીઓ, ભોજનના દાતા શંકરભાઈ પટેલ ભેંસાવાડા અને દાતા ઓ ઉપસ્થિત રહ્યા હતા. પેન્શનર મંડળ ના પ્રમુખ હસમુખભાઈ પટેલ નિવૃત્ત પ્રા.શિક્ષણાધિકારી એ મહેમાનો નું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે દિનેશભાઈ પટેલ,કે.જે.ગોર, અમૃતભાઈ પટેલ, વસંતભાઈ ચૌહાણ, નગીનભાઈ પટેલ એ કાર્યક્રમ ને સફળ બનાવવા સુંદર કામગીરી કરી હતી. સમગ્ર કાર્યક્રમ ટ્રસ્ટી ગોવિંદભાઈ.એસ. પટેલ અરવલ્લી તેમજ મહામંત્રી અરવલ્લી, તાલુકા મંત્રી ધનસુરા ધ્વારા હોદ્દેદારો અને કા.સભ્યો ના સહકાર થી કાર્યક્રમ નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

# ધાનેરામાં ડૉ.બાબા સાહેબની ભવ્ય શોભાયાત્રા




ધાનેરા ખાતે ડોક્ટર બાબા સાહેબ આંબેડકરની ૧૩૧મી જન્મ જયંતી નિમિત્તે ધાનેરા તાલુકા યુવા ભીમ સેના દ્વારા ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે, જેમાં બહુજન સમાજની સાથે સર્વ સમાજ તેમજ દરેક સંગઠન અને સમગ્ર ધાનેરા તાલુકાના લોકો ભારે સંખ્યામાં જોડાયા હતા અને ભવ્ય શોભાયાત્રા ધાનેરાના જાહેર માર્ગો પર નીકાળી ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી હતી. ભારતરત્ન વિશ્વવિભૂતી ડૉ.ભીમરાવ આંબેડકરની ૧૩૧મી જન્મ જયંતિ નિમત્તે આયોજિત ભવ્ય શોભાયાત્રામાં ધાનેરા તાલુકાના સર્વ સમાજના યુવાનો વડીલો જોડાઈ ખૂબ જ શાંતિપૂર્ણ માહોલમાં શોભાયાત્રાની શોભા વધારવા આવી હતી. શોભાયાત્રા રામાપીરના મંદીરેથી નીકળી ધાનેરાના અંબાજી મંદિર,લાયબ્રેરી ચોક નગરપાલિકા ચોક ડીસા રોડ થઈ લાલચોક સુધી રેલી સ્વરૂપે ફરીને ડો.બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા પાસે સભામાં ફેરવાઈ હતી. સભા સ્થળે હાજર તમામ મહેમાનો આગેવાનો સામાજિક કાર્યકર્તાઓ વકીલ મિત્રો તેમજ ધાનેરા તાલુકાના લોકોએ ડૉ.બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને ફુલહાર કરી જન્મ જયંતિની હદય પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ શુભાયાત્રામાં ધાનેરા પોલીસ દ્વારા ખુબજ સુંદર રીતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ધાનેરા તાલુકામાથી યુવાનો વડીલો આગેવાનો સમાજ બંધુઓ કાર્યકર્તા મિત્રો તેમજ સર્વ સમાજ સાથે મળી શુભાયાત્રાને શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી.

# પ્રાંતિજ કમાલપુર પાસે ટ્રેલર રોડ વચ્ચોવચ ફસાઈ જતા ટ્રાફિક જામ




સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ કમાલપુર પાસે સીક્સ લાઈન ના કામનેલઈને સર્વિસ રોડ ઉપર થી પ્રસાર થતુ ટ્રેલર રોડની બાજુમા ફસાઈ ગયુ હતુ તો ટ્રેલર ફસાતા એક કિલોમીટર સુધીનો ટ્રાફિક બન્ને બાજુએ જામ થયો હતો. પ્રાંતિજ ના કમાલપુર પાસે આવેલ બેટરી બનાવતી કંપનીમા આવતુ ટ્રેલર ભૂલથી કંપની ની બાજુમા આવેલ સ્વાગત સોસાયટી મા ધુસી ગયુ હતુ અને ટ્રેલર ચાલક સ્વાગત સોસાયટી માંથી બહાર કાઢતો હતો તે દરમ્યાન સર્વિસરોડ ઉપર રોડ વચ્ચોવચ ટ્રેલર ફસાઈ ગયુ હતુ તો બાજુમા વિજપોલો તથા વિજ વાયરો હોય આ અંગેની જાણ પ્રાંતિજ વિજ કંપનીમા કરતા વિજ કંપનીના એન્જીનીયર શૈલેષભાઈ યાદવ દ્વારા તાત્કાલિક તેવોની ટીમ ધટના સ્થળે મોકલી આપી હતી તો રોડ ઉપર ટ્રેલર ફસાતા બન્ને બાજુએ એક કિલોમીટર સુધીનો ટ્રાફિક જામ થયો હતો જેમા પ્રાંતિજ કોલેજ રોડ ઉપર થી ડાયવર્ટ કરવામા આવતા પ્રાંતિજ ભાંખરીયા બસસ્ટેશન ખાતે પણ ટ્રાફિક જામ થઈ ગયો હતો તો બીજી બાજુ માર્કેટયાર્ડ થી ત્રણ રસ્તા સુધી ટ્રાફિક જામ થયો હતો તો કેન બોલાવી કેન ની મદદત થી રોડ વચ્ચોવચ ફસાઈ ગયેલ ટ્રેલર ને બહાર કાઢવામા આવ્યુ હતુ જયારે રોડ ના કામને લઈ ને અવરનવર ટ્રાફિક જામ થતા અનેક વાહન ચાલકો ટ્રાફિકમા ફસાઈ છે અને હેરાન પરેશાન થાય છે ત્યારે જવાબદાર તંત્ર દ્વારા ઝડપથી કામ પૂર્ણ કરવામા આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે.

# ધાનેરામા આંબેડકરની જન્મ જયંતી નિમિત્તે ભીમ સેના દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ

ધાનેરા ખાતેઆજે ભારતના બંધારણ ના ઘડવૈયા ડો.ભીમરાવ આંબેડકર સાહેબની ૧૩૧ મી જન્મ જયંતિ નિમિત્તે સમગ્ર શહેરમાં શોભાયાત્રા નીકાળી બાબા સાહેબની પ્રતિમાને ફુલહાર અર્પણ કરી ભીમ સેના દ્વારા બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતી નિમિત્તે ધાનેરાની ધાનેરા તાલુકા મિશ્ર શાળા નંબર-૨ પ્રાથમિક શાળા ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે, જેમાં મોટી માત્રામાં યુવાનોએ બ્લડ ડોનેટ કર્યું હતું. ઈમરજન્સીના સમયમાં લોકોને આસાનીથી બ્લડ મળી રહે તેવા સારા ઉદ્દેશ્ય સાથે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અનેક યુવાનોએ બ્લડ ડોનેટ કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# હિંમતનગરમાં સાંપ્રદાયિક મહોલ બગાડવામાં વિદેશી ષડયંત્રની આશંકા

## કડી શોધવા પોલીસની આ દીશામાં તપાસ : ખંભાતના તોફાનોમાં પાકિસ્તાન, અફઘાનિસ્તાનના તાર જોડાયેલા નિકળતાં મજબૂત આશંકા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૫

હિંમતનગરમાં રામનવમીની શોભાયાત્રા ઉપર થયેલા પથ્થરમારા બાદ તોફાન ફાટી નિકળતાં માંડ પરિસ્થિતિ થાળે પડી છે. પોલીસ દ્વારા તોફાન સંદર્ભે ૧૦૦ થી વધુ લોકો વિરુદ્ધ ફરિયાદ નોંધવામાં આવી છે ત્યારે ૧૦થી પણ વધુ તોફાનીઓની અટકાયત કરવામાં આવી છે ત્યારે સદર તોફાનોમાં વિદેશી તાકાતો દ્વારા સાંપ્રદાયિક માહોલ બગાડવાનો પ્રયાસ થયાની આશંકા વ્યક્ત થઈ છે. ખંભાતના તોફાનોમાં પાકિસ્તાન અને અફઘાનિસ્તાન સુધી તપાસના તાર જોડાયેલા હોવાની વિગતો બહાર આવ્યા પછી હિંમતનગરમાં પણ આશંકા સાથે પોલીસે કડી શોધવા અલગ અલગ એંગલથી તપાસ શરુ કરી છે.

રામનવમીના પવિત્ર દિવસે રાજ્યના ખંભાત અને હિંમતનગરમાં શોભાયાત્રા ઉપર પથ્થરમારો અને ત્યારબાદ તોફાનની ઘટનાઓમાં અનેક આશંકા વચ્ચે ખંભાતના તોફાનોમાં સાંપ્રદાયિક સહાઈ બગાડવાના આશયથી પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં બેઠેલા નાપાક તત્વોએ સાજીશ રચ્યાનું પોલીસ તપાસમાં બહાર આવ્યા પછી સાબરકાંઠાના હિંમતનગરમાં ફાટી નિકળેલા તોફાનમાં પણ વિદેશી તાકાતનો હાથ હોવાની મજબૂત આશંકા વ્યક્ત થઈ છે. હિંમતનગરમાં થયેલા તોફાનોને પોલીસના પ્રયાસોથી તાબડતોબ દાબી દેવામાં આવ્યાં છે. તોફાની વિરુદ્ધ બીડીવીઝન પોલીસ મથકમાં એક પછી એક ફરિયાદો નોંધાયા પછી આરોપીની અટકાયત કરવા માટે પોલીસ તંત્ર દોડતું થયું છે. રવિવારે રામનવમીના દિવસે શોભાયાત્રા ઉપર પથ્થરમારાની ઘટના પછી બીજા દિવસે પણ હિંમતનગરના કેટલાક વિસ્તારોમાં પેટ્રોલ બોમ્બ ફેંકાયાની ગંભીર ઘટનાને પગલે કેટલાક સ્થાનિક રહીશોને ભયના માર્યા હિજરત કરવાની નોબત આવી છે. પોલીસ દ્વારા હાલ તો તોફાની તત્વોને લોકઅપમાં ધકેલવાની કામગીરી શરુ કરવામાં આવતાં તોફાનોમાં સામેલ અનેક ઈસમો ભૂગર્ભમાં ઉતરી ગયા છે. ખંભાતની ઘટનામાં પાકિસ્તાન અને અફઘાનિસ્તાન સુધી તાર જોડાયા હોવાનું તપાસમાં ખૂલ્યા પછી હિંમતનગરમાં પણ જે રીતે શોભાયાત્રા ઉપર પથ્થરમારો કરી માહોલ બગાડવાનો પ્રયાસ થયો છે તે જોતાં તોફાનોમાં વિદેશી તાકાતાની સંડોવણી નકારી શકાતી નથી. પોલીસ દ્વારા પણ ખંભાતના તોફાનોને ધ્યાનમાં રાખી હવે અલગ અલગ એંગલથી તપાસ શરુ કરવામાં આવી છે. સંભવિત રીતે જે વિસ્તારમાં પથ્થરમારાની ઘટના થઈ છે તે વિસ્તારના ચોક્કસ ઈસમોના મોબાઈલ લોકેશન તેમજ વાતચીતની વિગતોની તપાસ પણ થઈ શકે છે.

### અલગ અલગ એંગલથી તપાસ – જિલ્લા પોલીસ વડા

સાબરકાંઠા જિલ્લા પોલીસવડા વિશાલકુમાર વાઘેલાએ જણાવ્યું કે હાલ પોલીસ દ્વારા અલગ અલગ એંગલથી તપાસ કરવામાં આવી રહી છે. ખંભાતના તોફાનોમાં પાકિસ્તાન અને અફઘાનિસ્તાન સુધીના તાર જોડાયેલા હોવાની વિગતો સામે આવી છે ત્યારે હિંમતનગરના તોફાનોમાં પણ આવી કોઈ કડી મળી છે કે કેમ..?? તેમ પૂછતાં આ દિશામાં આશંકા સાથે પોલીસ ઈન્વેસ્ટીગેશન કરતી હોવાનું જણાવ્યું હતું.

### ગુપ્તચર વિભાગને તોફાનનો અણસાર ન આવતાં આશ્ચર્ય

રામનવમી નિમિત્તે હિંમતનગરમાં આયોજીત શોભાયાત્રા ઉપર પથ્થરમારાની ઘટના પછીના તોફાનથી અનેક સવાલો ઉભા થયા છે. ખંભાત અને હિંમતનગરની ઘટનામાં ચૂંટણીમાં વ્યસ્ત હોવાથી ઈન્ટેલિજન્સ બ્યુરો ઉંઘતું ઝડપાયાના આક્ષેપ થયા છે ત્યારે જિલ્લામાં પણ સ્થાનિક ગુપ્તચર વિભાગને તોફાનનો જરા સરખો પણ અણસાર આવ્યો ન હોવાથી આશ્ચર્ય ઉભું થયું છે.

## પાઈપલાઈનની બંને બાજુ ૩ કી.મી.ની લંબાઈમાં આવતા ગામ તળાવોનો સમાવેશ

# અરવલ્લીમાં ૨૯ તળાવો નર્મદા આધારીત પાઈપલાઈનથી જોડવાની કામગીરી તેજ



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૪

ઓછા વરસાદની ગંભીર અસરો શરુ થઈ છે. મૂંગા પશુઓ માટે પીવાના પાણીનું સંકટ ઉભુ થયું છે ત્યારે અરવલ્લી જિલ્લાના તમામ તળાવોમાંથી પાણી અદ્રશ્ય થઈ જતાં પશુપાલકો પણ પાણીની કિંમત સમજવા લાગ્યા છે. અરવલ્લી જિલ્લાના નર્મદા આધારીત વાત્રક, માઝમ, મેશ્વો પાઈપલાઈનથી બંને બાજુ ૩ કી.મી.ની લંબાઈમાં આવતા ૨૯ તળાવો ભરવા પાઈપલાઈનથી જોડવા માટે રાજ્ય સરકારમાં દરખાસ્ત કરવામાં આવી છે. દરખાસ્તને મંજૂરી મળશે તો જિલ્લામાં નર્મદા પાઈપલાઈનથી જિલ્લાનાં કુલ-૭૬ તળાવો ભરવાની યોજના સંપૂર્ણપણે સાકાર થશે,

રાજ્ય સરકાર દ્વારા ઉત્તર ગુજરાતની સૂકીભઠ્ઠ ધરતીને લીલીછમ બનાવવા માટે વર્ષ-૨૦૦૧ થી સુજલામ સુફલામ એડગ કેનાલ કાર્યવંતિત કરી તેના મીઠા ફળ ખેડૂતોને મળવા લાગ્યા છે. જ્યારે અરવલ્લી જિલ્લામાં નર્મદા આધારીત વાત્રક, માઝમ, મેશ્વો પાઈપલાઈન નાંખ્યા પછી અત્યાર સુધીમાં પાઈપલાઈનની બંને બાજુ ૨ કી.મી. વિસ્તારમાં આવતા કુલ-૫૭ તળાવોને પાણીથી ઉનાળા દરમ્યાન ભરવામાં આવતા હતા પરંતુ રાજ્યમાં દર ઉનાળામાં વિકટ બનતી પાણીની સ્થિતિને ધ્યાને રાખી સરકારે નર્મદા આધારીત પાઈપલાઈનની બંને બાજુ વધુ ૧ કી.મી.નો વધારો કરી ૩ કી.મી.ની લંબાઈમાં આવતા ગામ તળાવો ભરવા માટે લીલીઝંડી આપ્યા પછી અરવલ્લી જિલ્લા તંત્ર દ્વારા ૭/૧૨ મુજબ જે તળાવો નીમ થયેલા છે તેવા તળાવો પાઈપલાઈનથી જોડવા માટે જરુરી આયોજન, ડેટા કલેકશન, સર્વેક્ષણ, આલેખન તથા નકશા અંદાજ બનાવવા માટે નિમણુંક કરેલ કન્સલ્ટન્સી દ્વારા કામગીરી શરુ કરવામાં આવી છે. કન્સલ્ટન્સીને તેના કામની મુદત ૬ મહિના આપવામાં આવી છે તે જોતાં સમગ્ર પ્રક્રીયા તા.૨-૯-૨૦૨૨ સુધીમાં પૂર્ણ થઈ શકે છે.

### રેકર્ડ ચકાસણી પછી આખરી નિર્ણય

નશા ઉપરથી સંભવિત ૩ કી.મી.ની મર્યાદામાં જિલ્લાના બાયડ, માલપુર, ધનસુરા, મોડાસા અને ભિલોડા તાલુકાના કુલ-૨૯ તળાવોનો સમાવેશ થઈ શકે છે તેમ છતાં સ્થળ સ્થિતિ તેમજ ખરેખર સર્વેક્ષણ માપણી બાદ રેકર્ડ ચકાસણી કર્યા પછી સરકારની મંજૂરી દ્વારા જરૂરી મંજૂરી મળ્યા પછી તળાવો જોડવાની કામગીરી શરુ થઈ શકે છે.

**બાયડ તાલુકાના સૌથી વધુ ૧૫ તળાવનો સમાવેશ...**

નર્મદા આધારીત પાઈપલાઈનથી બંને બાજુ ૩ કી.મી. વિસ્તારમાં આવતા ગામ તળાવો ભરવા માટેની પ્રક્રિયાનો તંત્ર દ્વારા પ્રારંભ કરાયો છે તેમાં બાયડ તાલુકાના સૌથી વધુ ૧૫ તળાવોનો સમાવેશ થયાનું જાણવા મળ્યું છે. પરંતુ રેકર્ડ ચકાસણી પછી જ આખરી નિર્ણય થઈ શકે છે.

**સરકાર દ્વારા મંજૂરી મળ્યા પછી તળાવો જોડવાની કામગીરી - કાર્યપાલક ઈજનેર**

વાત્રક યોજના વિભાગના કાર્યપાલક ઈજનેર એન. કે. પટેલે જણાવ્યું કે નર્મદા આધારીત પાઈપલાઈનની બંને બાજુ ૩ કી.મી.ની લંબાઈમાં આવતા ગામ તળાવ પાઈપલાઈનથી જોડવા માટે પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. સરકાર દ્વારા મંજૂરી મળ્યા પછી તળાવો જોડવાની કામગીરી થશે. અત્યારે ૨૯ તળાવોનો તેમાં સમાવેશ થયેલો છે.

**૩ કી.મી. મર્યાદામાં આવતા સંભવિત તળાવો..**

| તાલુકો | તળાવના નામ |
|---|---|
| બાયડ | હિંડોળા તળાવ(ઈન્દ્રાણ), ગમહુડી તળાવ, મહાદેવ તળાવ(બોરડી), |
| | ગોપનાથ તળાવ(આમોદરા), ઓઢા તળાવ, દોલપુરાકંપા તળાવ, |
| | કલાજીનામુવાડા તળાવ,લક્ષ્મીપુરા તળાવ, અહેમદપુરા તળાવ, |
| | સરસોલી તળાવ, ગોતાપુર તળાવ(પ્રાંતવેલ), ઝાંખરીયા તળાવ, |
| | કાનપુરાકંપા તળાવ, ધોમ તળાવ, પગીયાનામુવાડા તળાવ. |
| માલપુર | ટુણાદર તળાવ, ચંદસર તળાવ, સવાપુર (નાનીસિંચાઈ, તળાવ-અમલાઈ) |
| ધનસુરા | બારનોલી તળાવ, હિરાપુર કંપા તળાવ |
| મોડાસા | બોરડી તળાવ, માથાસુલીયા તળાવ, દરિયાપુર તળાવ, |
| | હાઈવે નજીક તળાવ(ગાજણ), ભીલકુવા તળાવ, કંડોલ ઘોંટા તળાવ, |
| | સાગવા તળાવ(ડુંગરવાડ), ગારી તળાવ(ડુંગરવાડા) ભિલોડા ખોડંબા તળાવ. |

**જિલ્લામાં અત્યારે ૫૭ તળાવોમાં પાણી નાખવાની મંજૂરી, ૩૦માં પાણી નંખાયું...**

નર્મદા આધારીત વાત્રક, માઝમ, મેશ્વો પાઈપલાઈનમાંથી અરવલ્લી જિલ્લાના ૫૭ તળાવોમાં પાણી નાખવા માટેની મંજૂરી અગાઉ મળી ચૂકી છે તે પૈકી વર્તમાન ઉનાળામાં ૩૦ તળાવમાં પાણી તા.૧૮ થી ૩૧ માર્ચ દરમ્યાન નાખવામાં આવ્યું હોવાનું વિભાગના સૂત્રોએ જણાવ્યું

# હિંમતનગર સિવિલમાં એબ્યુલન્સ સેવા શરુ કરાતાં દર્દીના પરિવારોને રાહત

## સાબરકાંઠા સાંસદના હસ્તે એબ્યુલન્સ સેવા પ્રજાને અર્પણ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૫

હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં દર્દીઓ માટે એક્યુલન્સ સેવા શરુ કરવામાં આવી છે. ગત રોજ સાબરકાંઠાના સાંસદ, હિંમતનગરના ધારાસભ્ય તેમજ જિલ્લા કલેક્ટરની ઉપસ્થિતિમાં એબ્યુલન્સ સેવા પ્રજાને અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. એબ્યુલન્સ સેવા સિવિલમાંથી જ રાહત દરે ઉપલબ્ધ થતાં ગરીબ દર્દીઓને તેનો ફાયદો થયો છે.



- હિંમતનગરની સિવિલ હોસ્પિટલ ગરીબ દર્દીઓ માટે આશીર્વાદરુપ સાબિત થઈ રહી છે. સ્થાનિક દર્દીઓ ઉપરાંત સરહદી રાજસ્થાન અને છેક મધ્યપ્રદેશ સુધીના દર્દીઓ સિવિલ હોસ્પિટલની આરોગ્યલક્ષી સેવાનો લાભ મેળવી રહ્યા છે. સારવાર લેતા દર્દીઓને રાહત દરે એક્યુલન્સ સેવાનો લાભ મળી રહે તે માટે મંગળવારે સાબરકાંઠા સાંસદ દિપસિંહ રાઠોડ, હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, જિલ્લા કલેક્ટર હિતેષ કોયાની ઉપસ્થિતિમાં એબ્યુલન્સ સેવા શરુ કરવામાં આવી છે. જિલ્લા રોગી કલ્યાણ સમિતિ દ્વારા સિવિલમાં ૨ ૩૭ લાખના ખર્ચે આઈ.સી.યુ. ઓન વ્હીલની સેવા શરુ કરવામાં આવતાં ગંભીર બિમારી અને કટોકટીના સમયે દર્દીઓને ઝડપી સારવાર અપાવામાં સુલભતા મળી શકે છે. સાંસદની ગ્રાન્ટમાંથી એબ્યુલન્સ સેવા શરુ કરવામાં આવતાં ગ્રામ્ય વિસ્તારના દર્દીઓને પણ આરોગ્ય મથક સુધી લઈ જવામાં સરળતા થશે. એમબ્યુલન્સના લોકાર્પણ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ યતિનાબેન મોદી, ડીન ડી.રાજીવ દેવેથરધ, મેડીકલ સુપ્રિટેન્ડેન્ટ ડી. આશિષ કટારકર, સિવિલ સર્જન ડૉ. અજય મુલાણી, જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.રાજેશ પટેલ, આર.એમ.ઓ. ડૉ. શાહ, ડૉ. વિપુલ જાની વગેરે ઉપસ્થિત રહ્યા હતા

# બાયડ એસ.ટી. ડેપો દ્વારા નખત્રાણાને જોડતી નવી એસ.ટી. સેવા શરુ

## કચ્છથી અવર જવર કરનાર મુસાફરોને રાહત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૫

બાયડ એસ.ટી. ડેપો દ્વારા કચ્છને જોડતી બાયડ-નખત્રાણા નવી એસ.ટી.બસનો રુટ શરુ કરવામાં આવતાં મુસાફરોને રાહત થઈ છે. બાયડ એસ.ટી. ડેપોમાંથી સાંજના સમયે ૮-૩૦ કલાકે ઉપડતી એસ.ટી. બસ બીજા દિવસે સવારે ૮-૩૦ કલાકે નખત્રાણા પહોંચતી હોવાથી અમદાવાદ, ગાંધીધામ, અંજાર, ભૂજ અને નખત્રાણાના મુસાફરોને તેનો સીધો લાભ મળવા લાગ્યો છે.





એસ.ટી. નિગમ દ્વારા નવી એસ.ટી. બસો ફાળવામાં આવતાં એસ.ટી. ડેપોનું સંચાલન હવે આસાન થઈ રહ્યું છે. ડેપો મેનેજરો દ્વારા લાંબા ટના અભ્યાસ પછી નવી બસ સેવા શરુ કરવામાં આવતાં મહત્તમ મુસાફરો એસ.ટી.ની સલામત સવારીનો લાભ લઈ રહ્યા છે. બાયડ એસ.ટી. ડેપો દ્વારા કચ્છને જોડતી એસ.ટી. સેવા શરુ કરવા માટે ડેપો મેનેજર રાજેશ પટેલ સહિત અન્ય અધિકારીઓએ બાયડ થી નખત્રાણાના રુટનો અભ્યાસ કર્યો જેમાં વાયા અમદાવાદ, ગાંધીધામ, અંજાર, ભૂજ થી નખત્રાણા સુધી એસ.ટી. સેવાને મુસાફરોનો પૂરતો લાભ મળી શકે તેમ જણાઈ આવતાં તાજેતરમાં જ બાયડ થી નખત્રાણાની એસ.ટી. સેવા શરુ કરવામાં આવી છે.

# જન્મદિને વધામણી



વિમલભાઈ બી પટેલ
પ્રમુખ, બાયડ કેમિસ્ટ એસોસિએશન
ઉમિયા મેડિકલ, બાયડ, જી. અરવલ્લી



ભરતભાઈ પટેલ
વજેપુરા કંપા તા.બાયડ



અંબાલાલ ડી.પટેલ
પૂર્વ કારોબારી ,અધ્યક્ષ
જિલ્લા પંચાયત
સાબરકાંઠા
કઠવાડા તા.તલોદ

# વડગામ ખાતે પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલના અધ્યક્ષસ્થાને સમરસતા સંમેલન

પાલનપુર, તા. ૧૫

બનાસકાંઠા જિલ્લા ભાજપ દ્વારા વિશ્વ વિભૂતિ અને ભારત રત્ન ડો.બાબા સાહેબ આંબેડકરની ૧૩૧ જન્મ જયંતિની ભવ્ય ઉજવણી કરવામા આવી હતી જેમાં પાલનપુર ભાજપ કાર્યાલય ખાતે થી વડગામ સુધી વિશાળ સંવિધાન યાત્રા યોજવામાં આવી હતી. અને વડગામખાતે પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલની વિશેષ ઉપસ્થિતિમાં સમરતા સંમેલન યોજવામાં આવ્યું હતું. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, બનાસકાંઠાના વડગામ ખાતે ૧૪ મી એપ્રિલના ડો. બાબા સાહેબ આંબેડકરની ૧૩૧મી જન્મ જયંતિ પ્રસંગે ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલ સાહેબના અધ્યક્ષ સ્થાને સમરસતા સંમેલન યોજાયું હતું.





જે પૂર્વે જિલ્લા ભાજપ દ્વારા પાલનપુરથી વડગામ સુધી વિશાળ સંવિધાન યાત્રા યોજવામાં આવી હતી જેમાં જિલ્લા ભાજપ પ્રમુખ ગુમાનસિંહ ચૌહાણ, પ્રદેશ ભાજપ એસ. સી. મોરચા અધ્યક્ષ ડો.પ્રદ્યુમ્ન વાઝા, મહામંત્રી ગૌતમ ગેડિયા, સાંસદ પરબતભાઈ પટેલ, દિનેશભાઈ અનાવાડિયા, માજી મંત્રી અને બનાસડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી, માજી કેન્દ્રીય મંત્રી હરિભાઈ ચૌધરી, રાજ્યના પ્રાથમિક શિક્ષણ મંત્રી કીર્તિસિંહ વાઘેલા, ઠાકોર સેનાના ગુજરાતના પ્રમુખ અને પૂર્વ ધારાસભ્ય અલ્પેશભાઈ ઠાકોર, ડીસાના ધારાસભ્ય શશીકાંત પંડ્યા, પ્રદેશ ઉપાધ્યક્ષ અને પ્રભારી નંદાજી ઠાકોર, પ્રભારી સુરેશભાઈ શાહ, મહામંત્રી શ્રી ડાહ્યાભાઈ પિલિયાતર, કનુભાઈ વ્યાસ, કૈલાશભાઈ ગહેલોત, કચ્છ પ્રભારી હિતેષભાઈ ચૌધરી, પૂર્વ મંત્રીશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ, પૂર્વ પ્રમુખશ્રીઓ અને જિલ્લા સંગઠનના તમામ હોદેદારશ્રીઓ સહિતના આગેવાનો જોડાઈ પાલનપુરમાં સીમલાગેટ પર બાબા સાહેબની પ્રતિમા તેમજ સ્વામી વિવેકાનંદ અને ગલબા કાકાની પ્રતિમાંને પુષ્પમાલા અર્પણ કરવામાં આવી હતી. આ યાત્રાનું ૧૪ જગ્યાએ વિવિધ સમાજ અને સંગઠનો દ્વારા સ્વાગત કરાયું હતુ બાદમાં વડગામ ખાતે પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલના અધ્યક્ષ સ્થાને સમરસતા સંમેલન યોજયું હતું